# Senior/ Junior Clerk – Set – B

1. 100 થી નાની અવિભાજ્ય સંખ્યાઓમાં સૌથી નાની અવિભાજ્ય સંખ્યા અને સૌથી મોટી અવિભાજ્ય સંખ્યાનો તફાવત શું થાય?

   (A) 97 (B) 96
   (C) 95 (D) 94

2. $1 \div [1 + 1 \div \{1 + 1 \div (1 + 1 \div 2)\}] = ?$

   (A) 5/8 (B) 1
   (C) 2 (D) 1/2

3. જો a : b = 3 : 9 તથા b : c = 4 : 7 હોય તો a : b : c =

   (A) 4 : 21 : 12 (B) 3 : 21 : 12
   (C) 7 : 8 : 9 (D) 4 : 12 : 21

4. A અને B નો પગારનો ગુણોત્તર 4 : 5 છે. જો A ને B કરતાં ₹1,100 ઓછા મળતા હોય તો બંનેના પગારનો સરવાળો શું થાય?

   (A) ₹12,100 (B) ₹9,900
   (C) ₹14,400 (D) ₹10,000

5. બે સંખ્યાનો ગુણાકાર 1575 છે તથા તેમની વચ્ચેનો ગુણોત્તર 9 : 7 છે તો નાની સંખ્યા શું હશે?

   (A) 25 (B) 45
   (C) 35 (D) 70

6. 100 અને 120 ની વચ્ચે કેટલી અવિભાજ્ય સંખ્યાઓ આવેલી છે?

   (A) 6 (B) 7
   (C) 5 (D) 4

7. સૌથી નાની વિભાજ્ય સંખ્યા નીચે પૈકી કઈ છે?

   (A) 1 (B) 2
   (C) 3 (D) 4

8. $(107)^2 + (52)^2 = ?$

   (A) 14153 (B) 14253

(C) 14353 (D) આપેલ પૈકી એકપણ નહિ

9. 5 સંખ્યાની સરેરાશ 18 છે. એક સંખ્યા છોડી દેવા પર સરેરાશ 16 બને છે તો તે સંખ્યા કઈ હશે?

(A) 26
(B) 27
(C) 10
(D) આપેલ પૈકી એકપણ નહિ

10. પ્રથમ 11 પૂર્ણ સંખ્યાઓની સરેરાશ કેટલી થાય?

(A) 4
(B) 6
(C) 5
(D) 5.5

11. કિન્નરી ₹85,000 રોકી વેપાર ચાલુ કરે છે. અમુક સમય બાદ આકાશ ₹42,500 રોકી ભાગીદાર બને છે. જો વર્ષના અંતે નફાની વહેંચણી 3 : 1 ના પ્રમાણમાં થાય તો આકાશ કેટલા સમય માટે ભાગીદાર હશે?

(A) 4 મહિના
(B) 5 મહિના
(C) 6 મહિના
(D) 8 મહિના

12. જો મૂડીના સમીકરણોમાં 4X = 6Y = 10Z હોય તો ₹9,300 ના નફામાં Z નો ભાગ કેટલો?

(A) ₹3,000
(B) ₹4,500
(C) ₹4,250
(D) ₹1,800

13. જ્યોતિ અને રાજદેવ એક ભાગીદારી કરે છે. જેમાં જ્યોતિનું 5 ગણું રોકાણ એ રાજદેવના 7 ગણા જેટલું છે. જો તેમનો કુલ નફો ₹1,20,000 હોય તો જ્યોતિનો ભાગ શું હશે?

(A) ₹63,000
(B) ₹50,000
(C) ₹70,000
(D) આપેલ પૈકી એકપણ નહિ

14. 2/3 એ 1/3 ના કેટલા ટકા છે?

(A) 50%
(B) 33.33%
(C) 150%
(D) 200%

15. 10000 ના 25% ના 25% ના 20% કેટલા થાય?

(A) 25
(B) 125
(C) 625
(D) 12.5

16. જો કોઈ વ્યક્તિની માસિક આવકના 15% લેખે ₹4,500 થાય અને તે દર મહીને કરિયાણા પાછળ ₹6,000 ખર્ચે તો તેની માસિક આવકના કેટલા ટકા તે કરિયાણા પાછળ ખર્ચે છે?

(A) 20% (B) 15%

(C) 22.5% (D) 25%

17. 18 પેનની મૂળ કિંમત 12 પેનની વેચાણ કિંમત બરાબર હોય તો નફાના ટકા શોધો.

(A) 50% (B) 12.5%

(C) 30% (D) 25%

18. ₹80 ની વસ્તુ ₹100 માં વેચવામાં આવે તો કેટલા ટકા નફો થાય?

(A) 20% (B) 33.33%

(C) 16.67% (D) આપેલ પૈકી એકપણ નહિ

19. અજય એક ફોન વેચતાં 7.5% ખોટ કરે છે. જો ફોન ₹1260 વધુ લઈને વેચવામાં આવે તો 7.5% નફો થાય તો ફોનની મૂળકિંમત શોધો.

(A) ₹8600 (B) ₹9000

(C) ₹8400 (D) ₹8000

20. K ને કોઈ કાર્ય કરતાં 3 દિવસ લાગે છે તથા J ને તે જ કાર્ય કરતાં 6 દિવસ લાગે છે. જો બંને સાથે મળીને કાર્ય પૂર્ણ કરે તો K એ કાર્યનો કેટલો ભાગ પૂર્ણ કર્યો હશે?

(A) 1/3 (B) 2/3

(C) ½ (D) આપેલ પૈકી એકપણ નહિ

21. જૈનમ એક કાર્ય 30 દિવસમાં પૂરું કરે છે. શિવમ, જૈનમ કરતાં 60% વધુ કાર્યક્ષમ છે. તો શિવમને કાર્ય પૂરું કરતાં કેટલો સમય લાગશે?

(A) 16.6 દિવસ (B) 18.75 દિવસ

(C) 20.67 દિવસ (D) 17.67 દિવસ

22. 4 સ્ત્રીઓ અથવા 6 છોકરાઓ એક કાર્યને સરખા દિવસોમાં પૂર્ણ કરે છે. એક છોકરો તે કાર્યને 60 દિવસમાં પૂર્ણ કરે છે. તો 5 સ્ત્રીઓને આ કાર્ય પૂર્ણ કરતાં કેટલો સમય લાગે?

(A) 4 દિવસ (B) 6 દિવસ

(C) 10 દિવસ (D) 8 દિવસ

23. એક વ્યક્તિ 9/20 મુ અંતર બસમાં કાપે છે જ્યારે બાકી રહેલું 10 કિમી અંતર ચાલતા કાપે છે તો તેણે કુલ કેટલું અંતર (કિમી) કાપ્યું હશે?

(A) 16.16 (B) 20.20
(C) 18.18 (D) 21.21

24. એક દોડવીર 200 મીટરની દોડ 27 સેકન્ડમાં પૂર્ણ કરે છે તો તેની ઝડપ કિમી/કલાકમાં શોધો.

(A) 24 (B) 26.66
(C) 28 (D) 28.66

25. 140 મીટરની લાંબી ગાડી 180 મીટર લાંબા પ્લેટફોર્મ ને 8 સેકન્ડમાં પાર કરે છે તો ગાડીની ઝડપ પ્રતિ કલાકની કેટલી કિમી થશે?

(A) 120 કિમી/કલાક (B) 124 કિમી/કલાક
(C) 140 કિમી/કલાક (D) 144 કિમી/કલાક

26. 40% નફો ચડાવીને છાપેલી કિંમત પર કેટલા ટકા વળતર આપવાથી વેપારીને 19% નફો થાય?

(A) 7% (B) 9%
(C) 15% (D) 17%

27. સમાંતર શ્રેણી 7, 13, 19, 25, ...... નું 15 મુ પદ શોધો.

(A) 91 (B) 84
(C) 77 (D) 98

28. એક ગુણોત્તર શ્રેણીનું પાંચમું પદ 81 અને પ્રથમ પદ 16 હોય તો ગુણોત્તર શ્રેણીનું ત્રીજું પદ શું હશે?

(A) 36 (B) 18
(C) 54 (D) 24

29. -9, -6, -3, ......... શ્રેણીના કેટલા પદનો સરવાળો 45 થશે?

(A) 8 (B) 9
(C) 10 (D) 11

30. 10 માણસો એક રસ્તાનું સમારકામ 6 દિવસમાં કરી શકે છે. તો 15 માણસો તે રસ્તાનું સમારકામ કેટલા દિવસમાં કરી શકે?

(A) 4 (B) 5
(C) 3 (D) 2

31. બે ટીવી વેચતાં દુકાનદારને એકંદરે શું થશે (નફો કે ખોટ)?
વિધાન 1 : દરેક ટીવીની પડતર ₹25,000 છે.
વિધાન 2 : એક ટીવી પર 10% ની ખોટ થાય છે અને બીજા ટીવી પર 10% નો ફાયદો થાય છે.

(A) પ્રશ્નનો ઉત્તર આપવા માટે માત્ર વિધાન 1 પર્યાપ્ત છે.

(B) પ્રશ્નનો ઉત્તર આપવા માટે માત્ર વિધાન 2 પર્યાપ્ત છે.

(C) પ્રશ્નનો ઉત્તર આપવા માટે વિધાન 1 અને 2 બંને આવશ્યક છે.

(D) પ્રશ્નનો ઉત્તર આપવા માટે વિધાન 1 અને 2 બંને સંયુક્ત રીતે પણ પર્યાપ્ત નથી.

32. ઘડિયાળમાં બપોરના 12 વાગ્યાથી સાંજના 4 વાગ્યાને 20 મિનિટ સુધીમાં કલાક કાંટો કેટલા અંશ ફર્યો હશે?

(A) 100° (B) 110°

(C) 120° (D) 130°

33. છ મિત્રો વર્તુળમાં વર્તુળના કેન્દ્ર તરફ મોઢું કરીને બેઠા છે. દીપા, પ્રકાશ અને પંકજ વચ્ચે બેઠી છે. પ્રીતિ, મુકેશ અને લલિત વચ્ચે બેઠી છે. નીચે પૈકી ક્યો વિકલ્પ સાચો ના જ હોઈ શકે?

(A) પંકજ અને લલિત એક બીજાના પડોશી હોઈ શકે.

(B) પ્રકાશ અને લલિત એક બીજાના પડોશી હોઈ શકે.

(C) પ્રકાશ અને મુકેશ એક બીજાના પડોશી હોઈ શકે.

(D) દીપા અને મુકેશ એક બીજાના પડોશી હોઈ શકે.

34. 7, 28, 63, 126, 215, ?

(A) 342 (B) 343

(C) 344 (D) આપેલ પૈકી એકપણ નહિ

35. 2, 12, 36, 80, ______.

(A) 100 (B) 144

(C) 125 (D) 150

36. જો A + B નો અર્થ A એ B નો ભાઈ છે. જો A – B નો અર્થ A એ B ની બહેન છે. જો A × B નો અર્થ A એ B ના પિતા છે. નીચે પૈકી કોનો અર્થ C એ M નો પુત્ર છે તેવો થશે?

(A) M – N × C + F (B) F – C + N × M

(C) N + M – F × C (D) M × N – C + F

37. સરિતાનો પરિચય આપતાં મીનાએ કહ્યું, "તે મારા પિતાની એકમાત્ર પુત્રીની એકમાત્ર પુત્રી છે". મીના સરિતા સાથે કેવી રીતે સંબંધિત છે?

(A) કાકી

(B) પિતરાઈ

(C) ભત્રીજી

(D) માતા

38. શું X એ A અને B ની દિકરી છે?

વિધાન 1 : X એ Y નો ભાઈ છે.

વિધાન 2 : A અને B પતિ – પત્ની છે. તેમને બે બાળકો (X અને Y) છે.

(A) માત્ર વિધાન 1 ઉત્તર મેળવવા માટે પૂરતું છે.

(B) માત્ર વિધાન 2 ઉત્તર મેળવવા માટે પૂરતું છે.

(C) ઉત્તર મેળવવા માટે બંને વિધાન એક સાથે પૂરતાં છે.

(D) ઉત્તર મેળવવા માટે બંને વિધાન એક સાથે પણ પૂરતાં નથી.

39. ત્રણ બહેનોની સરેરાશ ઉંમર 38 વર્ષ છે, તેમજ તેમની ઉંમરનો ગુણોત્તર 3:7:9 છે. તો સૌથી મોટી બહેનની ઉંમર કેટલી હશે?

(A) 52 વર્ષ

(B) 53 વર્ષ

(C) 54 વર્ષ

(D) 55 વર્ષ

40. હાલમાં રામ 50 વર્ષનો તથા લક્ષ્મણ 60 વર્ષનો છે. કેટલા વર્ષ અગાઉ તેમની ઉંમરનો ગુણોત્તર 4:5 હતો?

(A) 13 વર્ષ

(B) 10 વર્ષ

(C) 8 વર્ષ

(D) 12 વર્ષ

41. A, B નો ભાઈ છે. C, A ની બહેન છે. D, B નો પિતા છે. E, D ની પત્ની છે. તો E એ C ની શું થાય?

(A) દિકરી

(B) માતા

(C) બહેન

(D) આપેલ પૈકી એકપણ નહિ

42. એક પુરુષ તરફ સંકેત દર્શાવતા એક સ્ત્રીએ કહ્યું, તેની માં મારી માની એકમાત્ર પુત્રી છે. તો તે સ્ત્રીનો સંબંધ તે પુરુષ સાથે શું કહેવાય?

(A) મા

(B) દાદી

(C) પુત્રી

(D) બહેન

43. વર્તુળનું ક્ષેત્રફળ કેટલું છે?

વિધાન 1 : વર્તુળનો પરિઘ 44 સેમી છે.

વિધાન 2 : વર્તુળનો વ્યાસ 14 સેમી છે.

(A) ઉત્તર મેળવવા માટે માત્ર વિધાન 1 ઉત્તર મેળવવા માટે પૂરતું છે.

(B) ઉત્તર મેળવવા માટે માત્ર વિધાન 2 ઉત્તર મેળવવા માટે પૂરતું છે.

(C) ઉત્તર મેળવવા માટે બંને વિધાનમાંથી કોઈપણ એક વિધાન પૂરતું છે.

(D) ઉત્તર મેળવવા માટે બંને વિધાન એકસાથે પૂરતાં છે.

44. 200 વિદ્યાર્થીઓના એક સર્વે મુજબ 140 વિદ્યાર્થીઓને કોલ્ડડ્રિંક પસંદ છે, 120 વિદ્યાર્થીઓને મિલ્કશેક પસંદ છે અને 80 વિદ્યાર્થીઓને બંને પસંદ છે. કેટલા વિદ્યાર્થીઓને ઓછામાં ઓછું એક ડ્રિંક પસંદ હશે?

(A) 140 (B) 150

(C) 180 (D) 160

45. 20 લિટરના એક મિશ્રણમાં દૂધ અને પાણીનું પ્રમાણ 3 : 1 છે. કેટલા લિટર દૂધ ઉમેરવાથી આ મિશ્રણનું પ્રમાણ 4 : 1 થઈ જશે?

(A) 5 લિટર (B) 4 લિટર

(C) 6 લિટર (D) આપેલ પૈકી એકપણ નહિ

46. 100 ચો. મી. એટલે આશરે કેટલા ચોરસ ફૂટ થાય?

(A) 1032 (B) 1190

(C) 1232 (D) 1076

47. Y ની કિંમત શોધો.
વિધાન 1 : $Y^2 - 4Y + 4 = 0$
વિધાન 2 : Y એ ધન કિંમત ધારણ કરી શકે છે.

(A) માત્ર વિધાન 1 ઉત્તર મેળવવા માટે પૂરતું છે.

(B) માત્ર વિધાન 2 ઉત્તર મેળવવા માટે પૂરતું છે.

(C) ઉત્તર મેળવવા માટે બંને વિધાન એક સાથે પૂરતાં છે.

(D) ઉત્તર મેળવવા માટે બંને વિધાન એક સાથે પણ પૂરતાં નથી.

48. 10% અને 20% ના ક્રમિક વટાવના સમતુલ્ય એક વટાવ?

(A) 25% (B) 15%

(C) 28% (D) 30%

49. 500 લોકોના સમૂહમાં 350 લોકો અંગ્રેજી બોલી શકે છે અને 400 લોકો હિન્દી બોલી શકે છે. કેટલા લોકો બંને ભાષા બોલી શકે છે?

(A) 200
(B) 150
(C) 280
(D) 250

50. એક રમકડાની પડતર કિંમત ₹225 છે. તેની છાપેલી કિંમત કેટલી હોવી જોઈએ કે જેથી છાપેલી કિંમત પર 10% વટાવ આપ્યા બાદ પણ દુકાનદારને 90% નો ફાયદો થાય?

(A) ₹475
(B) ₹405
(C) ₹470.25
(D) ₹ 450

51. એક વ્યક્તિએ સાદા વ્યાજ પર 20% ના વાર્ષિક દરે ચોક્કસ રકમ ઉછીની આપી હતી. 15 વર્ષમાં વ્યાજની રકમ ઉછીની રકમ કરતાં ₹800 વધુ થશે તો તે રકમ શોધો.

(A) ₹800
(B) ₹400
(C) ₹1200
(D) ₹500

52. ચક્રવૃદ્ધિ વ્યાજ પર વાર્ષિક દરે રોકાણ કરવામાં આવે ત્યારે કોઈ રકમ 2 વર્ષમાં પોતાની રકમના 1.96 ગણી બને છે તો વાર્ષિક વ્યાજદર શોધો.

(A) 20%
(B) 25%
(C) 40%
(D) 30%

53. એક પાત્રમાં દૂધ અને પાણી 7 : 5 ના પ્રમાણમાં છે. જો પાત્રમાંથી 9 લિટર મિશ્રણ કાઢી લઈ પાણીથી ભરી દેતા દૂધ અને પાણીનું પ્રમાણ 7 : 9 થાય છે તો પાત્રમાં શરૂઆતમાં દૂધ કેટલું હશે?

(A) 14 લિટર
(B) 35 લિટર
(C) 28 લિટર
(D) 21 લિટર

54. પાંચ વર્ષ પહેલાં પિતા અને પુત્રની ઉંમરનો સરવાળો X વર્ષ હતો, Y વર્ષ પછી તેમની ઉંમરનો સરવાળો કેટલા વર્ષ થાય?

(A) X – 10 + Y
(B) X + Y + 5
(C) X + 2Y + 10
(D) આપેલ પૈકી એકપણ નહિ

55. આપેલ વિકલ્પમાંથી કયો વિકલ્પ તાર્કિક રીતે અલગ પડે છે?

(A) 121 : 363
(B) 63 : 189
(C) 37 : 111
(D) 24 : 70

મયંકભાઈની હાલની ઉંમર 52 વર્ષ છે. 8 વર્ષ પછી તેમની અને તેમના પુત્રની ઉંમરનો સરવાળો 75 વર્ષ થતો હોય તો પુત્રની હાલની ઉંમર શોધો.

(A) 7 વર્ષ (B) 23 વર્ષ

(C) 6 વર્ષ (D) 9 વર્ષ

57. M,R,L,N અને J અલગ અલગ માર્ક્સ ધરાવે છે. R ને M કરતાં વધુ માર્ક્સ મળેલ છે. N ને L કરતાં ઓછા પણ J કરતાં વધુ માર્ક્સ મળે છે. J ને R કરતાં વધુ માર્ક્સ મળે છે. ત્રીજો નંબર કોનો હશે?

(A) M (B) J

(C) R (D) L

58. A, B, C, અને D માં A સૌથી વધુ અંતર કાપે છે, C એ B જેટલું અંતર નથી કાપતો પણ D કરતાં વધુ કાપે છે. આમાંથી સૌથી ઓછું અંતર કોણ કાપે છે?

(A) D (B) A

(C) B (D) C

59. મારા ફોઈના પિતાના પુત્રનો પુત્ર મારે શું થાય?

(A) ભત્રીજો (B) ભાણેજ

(C) કાકા (D) ભાઈ

60. D એ A નો પુત્ર છે. C, K ની માતા છે. C એ D ની પત્ની છે. A નો C સાથે શું સંબંધ છે?

(A) પિતા (B) કાકા

(C) દાદા (D) અપર્યાપ્ત માહિતી

61. 200 ખેલાડીઓની સીધી લાઈનમાં કાર્તિક ડાબી બાજુએથી 37માં ક્રમે છે તો જમણી બાજુથી તેનું સ્થાન કેટલામું ગણાય?

(A) 163 (B) 164

(C) 162 (D) આપેલ પૈકી એકપણ નહિ

62. 2024 જેવું સમાન વર્ષ હવે પછી ક્યારે આવશે?

(A) 2052 (B) 2056

(C) 2048 (D) 2120

63. CMQR, BONV, AQKZ, ZSHD, ?

(A) ZUDH (B) YVEI

(C) YUEH

(D) ZVCH

64. આપેલ વિધાનો પરથી નીચેનામાંથી કયા તારણો કાઢી શકાય તે જણાવો.

વિધાન 1: અમુક કુતરાઓ ઘોડાઓ છે.

વિધાન 2: અમુક ઘોડાઓ ગધેડાઓ છે.

તારણ 1: અમુક ઘોડાઓ કુતરાઓ છે.

તારણ 2: અમુક ગધેડાઓ કુતરાઓ છે.

તારણ 3: અમુક ગધેડાઓ ઘોડાઓ છે.

(A) માત્ર તારણ 1 અને 2


(B) માત્ર તારણ 2 અને 3

(C) માત્ર તારણ 1 અને 3


(D) આપેલ તમામ તારણ 1, 2 અને 3

65. નીચે પૈકી કઈ આકૃતિ સ્ત્રીઓ, માતા અને ડોકટર વચ્ચેના સંબંધને શ્રેષ્ઠ રીતે દર્શાવે છે?


(A)




(B)



(C)




(D)




66. નીચે પૈકી કઈ આકૃતિ કૂતરો, પ્રાણી અને પાલતું પ્રાણી વચ્ચેના સંબંધને શ્રેષ્ઠ રીતે દર્શાવે છે?


(A)




(B)



(C)



(D)



નીચેનું કોષ્ટક વર્ષ 2019 થી વર્ષ 2023 સુધીનું જુદી જુદી 4 કંપનીઓ (A,B,C,D) ના વેચાણ (કરોડ રૂપિયામાં) ની માહિતી દર્શાવે છે. તે પરથી પ્રશ્ન નંબર 67 થી 70 ના જવાબ આપો.

| વર્ષ | A | B | C | D |
|---|---|---|---|---|
| 2019 | 450 | 300 | 600 | 250 |
| 2020 | 480 | 320 | 630 | 280 |
| 2021 | 500 | 340 | 670 | 310 |
| 2022 | 520 | 365 | 700 | 345 |
| 2023 | 550 | 390 | 750 . | 375 |

67. વર્ષ 2019 થી વર્ષ 2023 દરમ્યાન કઈ કંપનીના વેચાણમાં વધારો સૌથી વધુ છે?

(A) A (B) B
(C) C (D) D

68. વર્ષ 2020 ની સરખામણીમાં વર્ષ 2022 માં અંદાજીત સરેરાશ ટકાવારી વેચાણ કેટલુ વધ્યું છે?

(A) 13% (B) 20%
(C) 10% (D) 17%

69. વર્ષ 2023 માં વર્ષ 2019 ની સરખામણીએ કંપની D માં ટકાવારી વેચાણ કેટલું વધ્યું છે?

(A) 40% (B) 50%
(C) 60% (D) 70%

70. કઈ કંપનીના વેચાણની રકમનું પ્રમાણિત વિચલન સૌથી ઓછું છે?

(A) A (B) B
(C) C (D) D

71. I _______ my homework before my mother came home.

(A) Finish (B) finished
(C) had finished (D) have finished

72. Change into Passive Voice: They will build a new bridge next year.

(A) A new bridge will be built next year. (B) A new bridge is built next year.
(C) A new bridge has been built next year. (D) A new bridge was built next year.

3. Change into Indirect Speech: She said, "I have finished my homework."

(A) She said that she finished her homework.

(B) She said that she has finished her homework.

(C) She said that she had finished her homework.

(D) She said that her homework was finished.

74. She doesn't drink _____ tea.

(A) A
(B) an
(C) the
(D) No article

75. There is _____ water in the bottle. You can drink it.

(A) a few
(B) Few
(C) a little
(D) Little

76. She has been working here _____ 2019.

(A) since
(B) from
(C) for
(D) by

77. She _____ goes to the gym on Sundays.

(A) always
(B) is always
(C) does
(D) None of the given

78. The train will arrive _____ 6 p.m.

(A) on
(B) at
(C) In
(D) By

79. Choose the correct meaning or appropriate use of the given phrasal verb: The match was <u>**called off**</u> due to heavy rain.

(A) Called again
(B) Postponed
(C) Cancelled
(D) Completed

80. Choose the correct transformation of the given sentence from **positive to comparative**: No other city in India is as large as Mumbai.

(A) Mumbai is larger than any other city in India.

(B) Mumbai is the largest city in India.

(C) Mumbai is large than all cities in India.

(D) Mumbai is more large than all cities.

81. A speech made without preparation —

(A) Extempore (B) Dialogue

(C) Elocution (D) Debate

82. Give synonym for the given word: CANDID

(A) Shy (B) Dishonest

(C) Frank (D) Secretive

83. Give antonym for the given word: GENEROSITY

(A) Selfishness (B) Kindness

(C) Politeness (D) Charity

84. Arrange the parts to make a correct sentence:

P. is Q. best R. our S. policy T. honesty

(A) T Q R S P (B) T Q P R S

(C) R Q S P T (D) T P R Q S

85. Choose the most accurate Gujarati translation for the given sentence:

He completed the work in time, though he was not feeling well.

(A) તે સ્વસ્થ હતો અને સમયસર કામ પૂરું કર્યું.

(B) તે બીમાર હોવાથી કામ અધૂરું રહ્યું.

(C) તે સ્વસ્થ ન હતો છતાંયે તેણે સમયસર કામ પૂરું કર્યું.

(D) તે કામ પૂરું ન કરી શક્યો કારણ કે તે અસ્વસ્થ હતો.

86. "આંખમાં ધૂળ નાખવી" નો સાચો અર્થ શું છે?

(A) ખોટી માહિતી આપવી

(B) છેતરપિંડી કરવી

(C) કોઈને શરમજનક સ્થિતિમાં મૂકવી

(D) વાવાઝોડાના લીધે ખરેખર આંખમાં ધૂળ પડવી

87. અંકુશ શબ્દનો સાચો સમાનાર્થી શબ્દ લખો.

(A) અંકોડો (B) પરિમાણ

(C) પરિણામ (D) દાબ

88. નીચેના માંથી કયો શબ્દ સમાન અર્થ ધરાવતો નથી?

(A) મહેનત (B) પ્રારબ્ધ

(C) પુરુષાર્થ (D) પરિશ્રમ

89. ઘરના છોકરા ઘંટી ચાટે ને ઉપાધ્યાય આટે – કહેવતની સમાનાર્થી કહેવત કઈ છે?

(A) રૂપે રૂડી કર્મે ભૂંડી (B) નામ મોટાને દર્શન ખોટા

(C) ન બોલ્યામા નવ ગુણ (D) ઘર બાળી તીરથ કરવું

90. ખાતર ઉપર દીવેલ કહેવતનો અર્થ સ્પષ્ટ કરો.

(A) ખર્ચમાં કાપ (B) ખર્ચમાં વધુ ખર્ચ

(C) ખર્ચ કરતાં અટકાવવું (D) આપેલ પૈકી એકપણ નહિ

91. નેવાધારે નયન વરસી પત્રથી દિકરી તે. – છંદ ઓળખાવો.

(A) અનુષ્ટુપ (B) પૃથ્વી

(C) હરિગીત (D) મંદાક્રાંતા

92. મનહર છંદમાં પહેલી પંક્તિમાં કેટલા અક્ષરો હોય છે?

(A) 14 (B) 15

(C) 16 (D) 17

93. દૂધે ધોઈને આપવા – રૂઢિપ્રયોગનો અર્થ આપો.

(A) ઉજળું કરવું. (B) કોઈનું ભવિષ્ય ઉજળું કરવું.

(C) પ્રમાણિકપણે ચૂકતે કરવું. (D) સત્ય ન હોવું

94. શબ્દ સમૂહ માટે એક શબ્દ આપો: શેરડીનો ઉકાળેલો રસ

(A) ક્ષારરસ (B) અધોટી

(C) અમીરસ (D) ગોરસ

95. ઉદ્યમી શબ્દનો વિરોધી શબ્દ આપો.

(A) કામગરો (B) આળસુ

(C) નિંદ્રાધોર (D) આપેલ પૈકી એકપણ નહિ

96. "નવરાત્રી" શબ્દનો સમાસ જણાવો.

(A) દ્વિગુ (B) મધ્યમપદલોપી

(C) કર્મધારય

(D) તત્પુરુષ

97. સાચી સંધિનો જોડ ઓળખાવો.

(A) અદ્ય + અપિ = અદ્યપિ

(B) અધિક + લંકાર = અધિકોલંકાર

(C) અનેક + અંત = અનેકાંત

(D) અન્ય + અન્ય = અન્યાય

98. લેખનશુદ્ધિ અને ભાષાશુદ્ધિની દ્રષ્ટીએ સાચું વાક્ય દર્શાવતો વિકલ્પ પસંદ કરો.

(A) એકેએક વિદ્યાર્થીઓ શાળામાં ઉત્સાહપૂર્વક આવતા હતા.

(B) એકેએક વિદ્યાર્થી શાળામાં ઉત્સાહપૂર્વક આવતા હતા.

(C) એકે એક વિદ્યાર્થીઓ શાળામાં ઉત્સાહપૂર્વક આવતા હતા.

(D) એકેએક વિદ્યાર્થી શાળામાં ઉત્સાહપૂર્વક આવતો હતો.

99. ક્યા વાક્યપ્રકારમાં મુખ્ય અને ગૌણ વાક્ય જોવા મળે છે?

(A) મિશ્ર વાક્ય

(B) પ્રેરક વાક્ય

(C) સંયુક્ત વાક્ય

(D) આપેલ પૈકી એકપણ નહિ

100. Choose the most appropriate Gujarati translation for:
"He turned a deaf ear to my advice."

(A) તેણે મારા ઉપદેશને ધ્યાનથી સાંભળ્યો.

(B) તેણે મારા ઉપદેશનું સ્વાગત કર્યું.

(C) તેણે મારી સલાહ પર વિચાર કર્યો.

(D) તેણે મારા ઉપદેશને અવગણ્યો.

Provisional Answer key

## Senior / Junior Clerk - Set -B

| Q. No. | Answer Key | Answer |
|---|---|---|
| 1 | C | 95 |
| 2 | A | 5/8 |
| 3 | D | 4 : 12 : 21 |
| 4 | B | ₹9,900 |
| 5 | C | 35 |
| 6 | C | 5 |
| 7 | D | 4 |
| 8 | A | 14153 |
| 9 | A | 26 |
| 10 | C | 5 |
| 11 | D | 8 મહિના |
| 12 | D | ₹1,800 |
| 13 | C | ₹70,000 |
| 14 | D | 200% |
| 15 | B | 125 |
| 16 | A | 20% |
| 17 | A | 50% |
| 18 | D | આપેલ પૈકી એકપણ નહિ |
| 19 | C | ₹8400 |
| 20 | B | 2/3 |
| 21 | B | 18.75 દિવસ |
| 22 | D | 8 દિવસ |
| 23 | C | 18.18 |
| 24 | B | 26.66 |
| 25 | D | 144 કિમી/કલાક |
| 26 | C | 15% |
| 27 | A | 91 |
| 28 | A | 36 |
| 29 | C | 10 |
| 30 | A | 4 |
| 31 | B | પ્રશ્નનો ઉત્તર આપવા માટે માત્ર વિધાન 2 પર્યાપ્ત છે. |
| 32 | D | 130° |
| 33 | D | દીપા અને મુકેશ એક બીજાના પડોશી હોઈ શકે. |
| 34 | C | 344 |

| | | |
|---|---|---|
| 35 | D | 150 |
| 36 | D | M × N – C + F |
| 37 | D | માતા |
| 38 | A | માત્ર વિધાન 1 ઉત્તર મેળવવા માટે પૂરતું છે. |
| 39 | C | 54 વર્ષ |
| 40 | B | 10 વર્ષ |
| 41 | B | માતા |
| 42 | A | મા |
| 43 | C | ઉત્તર મેળવવા માટે બંને વિધાનમાંથી કોઈપણ એક વિધાન પૂરતું છે. |
| 44 | C | 180 |
| 45 | A | 5 લિટર |
| 46 | D | 1076 |
| 47 | A | માત્ર વિધાન 1 ઉત્તર મેળવવા માટે પૂરતું છે. |
| 48 | C | 28% |
| 49 | D | 250 |
| 50 | A | ₹475 |
| 51 | B | ₹400 |
| 52 | C | 40% |
| 53 | D | 21 લિટર |
| 54 | C | X + 2Y + 10 |
| 55 | D | 24 : 70 |
| 56 | A | 7 વર્ષ |
| 57 | B | J |
| 58 | A | D |
| 59 | D | ભાઈ |
| 60 | D | અપર્યાપ્ત માહિતી |
| 61 | B | 164 |
| 62 | A | 2052 |
| 63 | C | YUEH |
| 64 | C | માત્ર તારણ 1 અને 3 |
| 65 | B | |
| 66 | A | |
| 67 | C | C |
| 68 | A | 13% |
| 69 | B | 50% |
| 70 | B | B |

| | | |
|---|---|---|
| 71 | C | had finished |
| 72 | A | A new bridge will be built next year. |
| 73 | C | She said that she had finished her homework. |
| 74 | D | No article |
| 75 | C | a little |
| 76 | A | since |
| 77 | A | always |
| 78 | B | at |
| 79 | C | Cancelled |
| 80 | A | Mumbai is larger than any other city in India. |
| 81 | A | Extempore |
| 82 | C | Frank |
| 83 | A | Selfishness |
| 84 | D | T P R Q S |
| 85 | C | તે સ્વસ્થ ન હતો છતાંયે તેણે સમયસર કામ પૂરું કર્યું. |
| 86 | B | છેતરપિંડી કરવી |
| 87 | D | દાબ |
| 88 | B | પ્રારબ્ધ |
| 89 | D | ઘર બાળી તીરથ કરવું |
| 90 | B | ખર્ચમાં વધુ ખર્ચ |
| 91 | D | મંદાક્રાંતા |
| 92 | C | 16 |
| 93 | C | પ્રમાણિકપણે ચૂકતે કરવું. |
| 94 | B | અઘોટી |
| 95 | B | આળસુ |
| 96 | A | દ્વિગુ |
| 97 | C | અનેક + અંત = અનેકાંત |
| 98 | D | એકેએક વિદ્યાર્થી શાળામાં ઉત્સાહપૂર્વક આવતો હતો. |
| 99 | A | મિશ્ર વાક્ય |
| 100 | D | તેણે મારા ઉપદેશને અવગણ્યો. |